Jana Small Finance Bank
A SCHEDULED COMMERCIAL BANK

**કોમર્શિયલ શિડ્યુલ**
**(મંજૂરીની શરતો)**

| | | | |
|---|---|---|---|
| **ગ્રુપ લોન અરજી ક્રમાંક** | | **મિટિંગ સેન્ટરનું નામ:** | |
| **મિટિંગ સેન્ટર લીડર CRN નં** | | **બ્રાન્ચ** | |
| **EMI (ફ્રિક્વન્સી, રકમ અને સંખ્યા)** | **પરત ચૂકવણીના શિડ્યુલ અનુસાર.** | **મુદત** | **____________ મહિના.** |
| **શિક્ષાત્મક ચાર્જિસ** | | **દસ્તાવેજીકરણ ફી** | ________ |
| **પ્રોસેસિંગ ફી (કોઈ હોય તો)**<br>***મંજૂર કરેલી રકમ >INR 50000 હોવાના સંજોગોમાં*** | | **પરત ચૂકવણીનું માધ્યમ** | **મંજૂરીપત્ર મુજબ.** |
| **અમલીકરણની તારીખ** | | **અમલીકરણની તારીખ** | |

**સંયુક્ત જવાબદારી ગ્રુપ માટે લોન કરાર કમ ગ્રુપ ગેરન્ટી**

સંયુક્ત જવાબદારી ગ્રુપ માટેનો આ લોન કમ ગ્રુપ ગેરન્ટી કરાર ("કરાર") અહીં બીડેલા કોમર્શિયલ શિડ્યુલમાં ઉલ્લેખિત સ્થળ અને તારીખે આમની વચ્ચે અમલી બનાવાયો:

ગ્રુપના સભ્યો કે જેઓ અહીંના શિડ્યુલ I b માં સંયુક્ત જવાબદારી ગ્રુપ તરીકે નિર્ધારિત કરાયા મુજબ એકઠા થયા છે (જેમને હવેપછીથી અહીં વ્યક્તિગત રીતે "ઋણલેનાર" તરીકે અને સહિયારી રીતે ઋણલેનારા/ ગ્રુપ/ ગ્રુપના સભ્યો/ ગ્રુપના સભ્ય તરીકે સંદર્ભિત કરાશે અને તેની સાથે તેના અર્થ તરીકે ધારી લેવામાં આવશે, સિવાય કે તેના સંદર્ભ દ્વારા અન્યત્ર જરૂરિયાત ઊભી થાય અથવા અનુમતિ આપે ત્યાં સુધી તેમના સંલગ્ન વારસદારો,નિર્ધારિત એટર્ની અને અનુમતિ અપાયેલા એસાઈનીઓનો પણ સમાવેશ થશે).

**આમની તરફેણમાં**

**જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ**, જે એક કંપની છે જેની સ્થાપના કંપની ધારા, 1956 હેઠળ કરાયેલી છે અને જે બેન્કિંગ રેગ્યુલેશન એક્ટ 1949 હેઠળ સ્મોલ ફાઈનાન્સ બેંક તરીકે કામકાજ હાથ ધરવા ભારતીય રિઝર્વ બેંકનો પરવાનો ધરાવે છે, જેની રજિસ્ટર્ડ ઓફિસ ફેરવે બિઝનેસ પાર્ક, ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળ, સર્વે નં. 10/1, 11/2 અને 12/2B, ઓફ ડોમલર, કોરામંગલા ઈનર રીંગ રોડ, એમ્બેસી ગોલ્ફ લિંક્સની બાજુમાં, યલ્લાધટ્ટા, બેંગ્લોર- 560 071 ખાતે આવેલી છે, અને તેની એક બ્રાન્ચ ઓફિસ અહીં બીડેલા કોમર્શિયલ શિડ્યુલમાં નિર્ધારિત સ્થળે આવેલી છે, જેને હવેપછીથી અહીં "**બેંક**" તરીકે સંદર્ભિત કરાશે જેના અર્થ તરીકે ધારી લેવામાં આવશે, સિવાય કે તેના સંદર્ભ દ્વારા અન્યત્ર જરૂરિયાત ઊભી થાય અથવા અનુમતિ આપે ત્યાં સુધી તેમના સંલગ્ન વારસદારો, નિર્ધારિત એટર્ની અને અનુમતિ અપાયેલા એસાઈનીઓનો પણ સમાવેશ થશે.

**કે જ્યાં:**

a) ઋણલેનારાએ એક ગ્રુપની રચના કરીને ગ્રુપ લોન સુવિધાની ("સુવિધા") ફાળવણી માટે બેંકનો સંપર્ક કર્યો છે.
b) દરેક ઋણલેનારની વિનંતીને પગલે, અન્ય બેંક ગ્રુપ મેમ્બર્સની ગેરન્ટીના આધારે દરેક ઋણલેનારને સુવિધા ફાળવવા સંમત થઈ છે, જે માટેની રકમને અહીં શિડ્યુલ I b માં નિર્ધારિત કરાયા મુજબની રહેશે જે (a) સુવિધા દસ્તાવેજો અને આ કરારના અમલીકરણ, (b) સુવિધા દસ્તાવેજ અને આ કરારમાં નિર્ધારિત નિયમો અને શરતોને આધિન રહેશે.
c) સુવિધાના સંબંધમાં તમામ કોમર્શિયલ વિગતોને અહીં બીડેલા કોમર્શિયલ શિડ્યુલમાં કેપ્ચર કરાયેલી છે.

1. **વ્યાખ્યાઓ:**

a) "EMI"નો મતલબ થાય અને તેના મતલબનો સમાવેશ કરાય છે જે મુજબ તે સમયાંતરે ચૂકવવાપાત્ર હમા થશે કે જેની ગણતરી બેંક દ્વારા સુવિધાના સંબંધમાં સમયાંતરે કરાશે (રૂપિયાની પૂરી રકમમાં રાઉન્ડઓફ કરાશે)
b) "ડ્યુ ડેટ"નો મતલબ થાય એ તારીખ(ખો) કે જેના રોજ સુવિધા સાથે સંબંધિત કોઈ પણ રકમ ઋણલેનાર દ્વારા બેંકને ચૂકવવાપાત્ર થશે.
c) "સુવિધા દસ્તાવેજો"નો મતલબ થાય અરજીપત્ર, મંજૂરીપત્ર, આ કરાર તથા અન્ય તમામ કરારો, સાધનો, બાંહેધરીપત્રો, ઈન્ડેન્ચર્સ, ખતપત્રો, લખાણો અને અન્ય દસ્તાવેજો કે જેને ઋણલેનારા અને બેંક દ્વારા અમલી બનાવાયા છે અથવા બનાવવામાં આવનારા છે અથવા હાથ ધરાયેલા છે, જે સુવિધાને લગતા અથવા તેની સાથે સંબંધિત છે અને સુવિધા દસ્તાવેજો હેઠળ વ્યવહારો થવાની ધારણા છે અને તેમાં તેની અંદર કરાનારા તમામ સુધારા અને વધારાનો સમાવેશ થાય છે.
d) "ગેરન્ટર્સ"નો મતલબ થાય અને તેમાં સમાવેશ થાય (એ) દરેક ઋણલેનારાના જીવનસાથી અને/ અથવા નિર્ધારિત કરાયેલા લોહીના સંબંધીઓ (એકલા/ વિધવા/ ત્યક્તા ઋણલેનારાના સંજોગોમાં) જેનો વધુ સ્પષ્ટતાપૂર્વક અહીં બીડેલા શિડ્યુલ એમાં સમાવેશ કરાયો હશે અને (બી) ગ્રુપના દરેક સભ્ય, જેનો વધુ સ્પષ્ટતાપૂર્વક અહીં બીડેલા શિડ્યુલ I b માં ઉલ્લેખ કરાયો હશે.
e) "RBI"નો મતલબ થાય ભારતીય રિઝર્વ બેંક.

2. **ગ્રૂપ ગેરન્ટી**:

a) ઋણલેનારા અને ગેરન્ટર્સ (શિડ્યુલ I બીમાં નિર્ધારિત કરાયા મુજબ) આ સાથે સંમત થઇને ખાતરી આપે છે કે તેમાંના દરેક એ બાબતે સંમત થઇને ખાતરી આપે છે કે આ સુવિધાનું ગ્રૂપના સભ્યને સંયુક્ત રીતે અથવા એકલા વિતરણ કરાયું હોય તે હકીકત સાથે નિસ્બત ન રહે તે રીતે ગ્રૂપના દરેક અને પ્રત્યેક સભ્ય દ્વારા મેળવાયેલી આ સુવિધાની સુયોગ્ય પરત ચૂકવણી માટે તેઓ બિનશરતી અને અફર ગેરન્ટી ("ગ્રૂપ ગેરન્ટી") આપે છે. એ પણ સ્પષ્ટતા કરી દેવાઇ છે કે દરેક ગ્રૂપ સભ્ય પોતાની સુવિધાના સંબંધમાં ઋણલેનાર અને ગ્રૂપના અન્ય સભ્યોએ પ્રાપ્ત કરેલી સુવિધાના સંબંધમાં ગેરન્ટર છે.

b) દરેક ઋણલેનાર અને દરેક ગેરન્ટર (શિડ્યુલ I બીમાં નિર્ધારિત કરાયા મુજબ) સાર્વત્રિક રીતે સુવિધાની પરત ચૂકવણી માટે સંમત થાય છે અને આ સાથે અહીં ઉલ્લેખિત ટ્રાન્ઝેક્શન વિશે સંપૂર્ણ જ્ઞાન હોવાની પુષ્ટિ કરે છે.

c) તદુપરાંત દરેક ઋણલેનાર અને દરેક ગેરન્ટર સમજે છે અને સ્વીકારે છે કે આ સુવિધા રદ કરાવાના, પાછી ખેંચાવાના અથવા બેંક દ્વારા કોઇ પણ કારણસર રદબાતલ ઠેરવવાના સંજોગોમાં, બાકીની રકમ ડ્યુ અને તાત્કાલિક પરત ચૂકવવાપાત્ર બનશે અને ગ્રૂપના કોઇ પણ સભ્ય ચૂકવણી કરવામાં નિષ્ફળ રહેશે, તો દરેક ઋણલેનાર તેમજ દરેક ગેરન્ટર (શિડ્યુલ I બીમાં નિર્ધારિત કરાયા મુજબ) સાર્વત્રિક રીતે સુવિધાની સંપૂર્ણ બાકી રહેલી રકમની પરત ચૂકવણી કરવાને પાત્ર બનશે.

d) દરેક ઋણલેનાર અને દરેક ગેરન્ટર (શિડ્યુલ I b માં નિર્ધારિત કરાયા મુજબ) આ સાથે સંમત થાય છે કે દરેક ગ્રૂપ સભ્ય દ્વારા સુવિધાની સંપૂર્ણ પરત ચૂકવણી ન થાય ત્યાં સુધી, કોઇ પણ ઋણલેનાર અથવા ગેરન્ટરને આ કરાર હેઠળની તેમની ફરજોમાંથી કોઇ પણ રીતે મુક્ત કરાશે નહીં, પછી ભલેને આ સુવિધાને કોઇ પણ રીતે પ્રિ-ક્લોઝર, પ્રિપેમેન્ટ અથવા પાછી ખેંચવામાં આવી હોય.

3. **વ્યાજદર:**

a) ઋણલેનારે વ્યાના દરે ("વ્યાજ") આ સુવિધા પર વ્યાજને અહીં કોમર્શિયલ શિડ્યુલમાં નિર્ધારિત કરાયેલી સંલગ્ન ડ્યુ ડેટના રોજ ચૂકવવાનું રહેશે.

b) ઋણલેનાર દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ આરબીઆઈની માર્ગદર્શિકાઓ અનુસાર અને/ અથવા બેંકને જે અમલ કરવો પડે તે નિર્દેશો મુજબ ફેરફારને આધિન રહેશે.

c) વ્યાજદરમાં અથવા કોઇ પણ શરતોના સંબંધમાં કોઇ પણ ફેરફાર થવા અંગે બેંકે ઋણલેનારને બેંકની બ્રાન્ચ પરના નોટિસ બોર્ડ અથવા વેબસાઇટ પર દર્શાવવામાં આવે તે રીતે નોટિસને પ્રસિદ્ધ કરીને જાણ કરવાની રહેશે અને તેને આ ફેરફાર અંગે ઋણલેનારને પર્યાપ્ત જાણ કર્યાનું માની લેવાશે.

d) વ્યાજદરની ગણતરી લાગુ પડે તે રીતે 365/ 366 દિવસો મુજબ કરવામાં આવશે.

4. **પરત ચૂકવણી:**

a) ઋણલેનારે પોતાના સંલગ્ન પરત ચૂકવણીના શિડ્યુલમાં ("પરત ચૂકવણીના શિડ્યુલ") નિર્ધારિત કરાયેલી શરતોના અનુસરણમાં લાગુ પડતા વ્યાજ તેમજ આ સુવિધાની સુયોગ્ય રીતે પરત ચૂકવણી કરવાની રહેશે. જો કે, ઋણલેનારની સુગમતા માટે, બેંક એ બાબતે સંમત થઇ છે કે બેંકના અધિકૃત અધિકારીઓ EMIની આંશિક અથવા સંપૂર્ણ વસૂલાત માટે પરત ચૂકવણીના શિડ્યુલમાં નિર્ધારિત કરાયેલી આવી તારીખે ઋણલેનારની મુલાકાત લઇ શકશે.

b) બેંક એ વાતની પુષ્ટિ કરે છે કે ઋણલેનાર સમજે છે કે પહેલો EMI લાગુ પડે તે પહેલાંના આરંભિક સમયગાળા માટે મોરેટોરિયમ લાગુ થશે. આ કારણથી, સુવિધાનું જે-તે મહિનાની 7મી તારીખ પછીથી વિતરણ કરાયેલું હશે, તો તે પછીના મહિના માટે ઋણલેનારને મોરેટોરિયમ પૂરું પડાશે અને પહેલો હપ્તો મોરેટોરિયમ પૂર્ણ થાય તે પછીના મહિનાના છેલ્લા દિવસે ચૂકવણીને પાત્ર બનશે. દા.ત. વિતરણની તારીખ 15મી ઓક્ટોબર હશે, તો પહેલો હપ્તો 31મી ડિસેમ્બર પછી ચૂકવવાપાત્ર બનશે. આવા મોરેટોરિયમ સમયગાળા માટેના વ્યાજને મુદ્દલમાં ઉમેરી દેવાશે.

c) સુવિધાની મુદત દરમિયાન દર વર્ષે વધુમાં વધુ બે મહિના સુધીનું વૈકલ્પિક મોરેટોરિયમ ઋણલેનાર મેળવી શકશે ("પેમેન્ટ હોલિડે"). પેમેન્ટ હોલિડે પ્રાપ્ત કરવી વૈકલ્પિક રહેશે અને ઋણલેનારે તેની પ્રાપ્તિ માટે અલગથી વિનંતી કરવાની રહેશે. બેંક પોતાની નીતિઓમાં નિર્ધારિત માપદંડો અનુસાર કોઇ પણ ઋણલેનારાને પેમેન્ટ હોલિડે પૂરી પાડી શકે છે. પેમેન્ટ હોલિડે વિકલ્પ પ્રાપ્ત કરવાથી ઋણલેનારની પરત ચૂકવણીના શિડ્યુલમાં પણ તે મુજબ ફેરફાર થશે.

d) ઋણલેનાર અને ગેરન્ટર એ વાતની ખાતરી આપે છે કે તેમણે EMIની ગણતરી કરવા માટે બેંકની પદ્ધતિને જાણી, સમજી અને સ્વીકારી લીધી છે અને વ્યાજ તથા મુદ્દલની ખતવણીને પણ સમજી લીધી છે.

e) ઋણલેનાર અને ગેરન્ટર સંલગ્ન ડ્યુ ડેટના રોજ બાકી રકમની ચૂકવણી/ પરત ચૂકવણી કરવામાં નિષ્ફળ જશે, તો ઋણલેનારા અને ગેરન્ટર અહીં ઉલ્લેખિત કોમર્શિયલ શિડ્યુલમાં નિર્ધારિત કરાયેલા આવા દરે બાકી રકમ પર શિક્ષાત્મક ચાર્જિસની ચૂકવણી કરવા જવાબદાર બનશે. ઉદાહરણ સ્વરૂપે, ડ્યુ ડેટ દર મહિનાની 2જી તારીખ હશે અને ઋણલેનાર તથા ગેરન્ટર તે મહિનાની 30મી તારીખે EMI ચૂકવે છે, તો બેંક તે મહિનાની 3જીથી 30મી તારીખ સુધીના દિવસો માટે શિક્ષાત્મક વ્યાજ વસૂલ કરશે.

f) કોઇ પણ ગ્રૂપ મેમ્બર ડિફોલ્ટ કરશે, તો દરેક ઋણલેનારને આવા ડિફોલ્ટ કરનારા ગ્રૂપ મેમ્બર દ્વારા ચૂકવવાપાત્ર કોઇ પણ/ બધી બાકી રકમની ચૂકવણી કરવા જણાવાઇ શકે છે.

g) એ પણ સ્પષ્ટતા કરાય છે કે આ સુવિધા દસ્તાવેજ હેઠળ બેંક પાસે રહેલા અન્ય અધિકારો ઉપરાંત શિક્ષાત્મક ચાર્જિસ વસૂલવાનો પણ અધિકાર છે, અને બેંક આ કરાર, સુવિધા દસ્તાવેજો તથા લાગુ પડતા કાયદા હેઠળ પોતાના તમામ અધિકારોને અબાધિત રાખે છે.

5. **ઋણલેનારના એકાઉન્ટનું વર્ગીકરણ:**

a) સુવિધા હેઠળ કોઇ પણ પેમેન્ટમાં ડિફોલ્ટ થયે બેંક સમયાંતરે RBIએ જારી કરેલી માર્ગદર્શિકાઓ મુજબ ઋણલેનાર(રા)ના એકાઉન્ટનું વર્ગીકરણ કરશે. ઋણલેનાર(રા)ના એકાઉન્ટને નીચેના ધોરમે સ્પેશિયલ મેન્શન એકાઉન્ટ (SMA) તરીકે વર્ગીકૃત કરાશે:

| ટર્મ લોનના પ્રકારે સુવિધા | |
|---|---|
| કેટેગરી | વર્ગીકરણનો આધાર- મુદ્દલ અથવા વ્યાજ અથવા અન્ય કોઇ રકમ સંપૂર્ણ કે આંશિક બાકી રહે |
| SMA-0 | 30 દિવસો સુધી |
| SMA-1 | 30 દિવસથી વધુ અને 60 દિવસ સુધી |
| SMA-2 | 60 દિવસથી વધુ અને 90 દિવસ સુધી |

b) તદુપરાંત ઋણલેનાર(રા)ના એકાઉન્ટને નોન-પરફોર્મિંગ એસેટ ("NPA") તરીકે વર્ગીકૃત કરાશે જ્યાં (i) મુદ્દલ પરનું વ્યાજ અને /અથવા હમો ટર્મ લોનના પ્રકારની સુવિધાના સંબંધમાં 90 દિવસ કરતા વધુ સમયગાળા માટે બાકી રહે; (ii) ઓવરડ્રાફ્ટ/ કેશ ક્રેડિટ પ્રકારની સુવિધાના સંબંધમાં 90 દિવસ સુધી મંજૂર કરાયેલી મર્યાદા /ઉપાડની સત્તા કરતા વધુ માટે સતત બાકી રહે.

c) એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે ઋણલેનાર(રા)ના SMA તેમજ NPA તરીકેનું વર્ગીકરણ સંલગ્ન તારીખના દિવસાંતની પ્રક્રિયાના ભાગરૂપે કરવામાં આવશે અને SMA અથવા NPA વર્ગીકરણની તારીખ જે દિવસાંતની પ્રોસેસ કરાશે તે કેલેન્ડર તારીખની રહેશે. બીજા શબ્દોમાં કહીએ તો SMA/NPAની તારીખ કેલેન્ડર તારીખના દિવસાંતે ખાતાના અસ્ક્યામત વર્ગીકરણ દરજ્જાને દર્શાવશે.

d) ઉદાહરણ: જો સુવિધા એકાઉન્ટની ડ્યુ ડેટ 31 માર્ચ, 2022, હશે અને આ તારીખ માટે દિવસાંતની પ્રક્રિયાને બેંક હાથ ધરે ત્યાં સુધી સંપૂર્ણ બાકી રકમ ચૂકવાઇ નહીં હોય, તો બાકી રકમની તારીખ 31 માર્ચ, 2022 રહેશે. સુવિધા એકાઉન્ટ બાકી લેણાં દર્શાવે છે, તો આ એકાઉન્ટને 30 એપ્રિલ, 2022 એટલે કે સતત બાકી રહેવાના 30મા દિવસના દિવસાંતની પ્રક્રિયા હાથ ધરતી વેળાએ SMA-1 ટેગ કરાશે. આ જ પ્રકારે, આ એકાઉન્ટ હજી પણ બાકી દર્શાવશે, તો 30 મે, 2022ના રોજ દિવસાંતની પ્રક્રિયા દરમિયાન તેને SMA-2 તરીકે ટેગ કરાશે અને તે પછી પણ રકમ બાકી રહેશે તો 29 જૂન, 2022ના રોજ દિવસાંતની પ્રક્રિયા દરમિયાન તેને NPA તરીકે વર્ગીકૃત કરાશે.

6. **ચૂકવણીનું માધ્યમ:**

a) આ સુવિધાની ઋણલેનાર અને ગેરન્ટરે કોમર્શિયલ શિડ્યુલમાં નિર્ધારિત કરાયેલા કોઇ પણ માધ્યમે પરત ચૂકવણી કરવાની રહેશે.

b) સ્ટેન્ડિંગ ઈન્સ્ટ્રક્શન્સ ("SI") દ્વારા પરત ચૂકવણી કરવાના સંજોગોમાં, ઋણલેનાર બેંકને EMI પરત્વે (કોમર્શિયલ શિડ્યુલમાં દર્શાવાયા મુજબ) પોતાના બેંક એકાઉન્ટમાં રકમને ઉધારવાની અધિકૃતતા આપે છે.

c) આ સુવિધાની રકમ બાકી હશે ત્યાં સુધી ઋણલેનારા પાસે પોતે પસંદ કરેલા/ પૂરા પાડેલા પેમેન્ટના માધ્યમના સંબંધમાં પેમેન્ટ રદ કરવા અથવા સ્ટોપ પેમેન્ટ સૂચના આપવાનો અધિકાર રહેશે નહીં અને ઋણલેનાર આવું કોઇ પણ પગલું ભરશે તો તેને ઋણલેનાર દ્વારા છેતરપિંડી તેમજ વિશ્વાસના ભંગના ગુનાઇત કૃત્ય તરીકે ધારી લેવાશે. તદુપરાંત, બેંક પાસે ઋણલેનાર સામે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, 1881 તેમજ ભારતીય દંડ સંહિતા, 1860 સહિત અને તે પૂરતી મર્યાદિત ન રહે તે રીતે ફોજદારી કાર્યવાહી હાથ ધરવાની સત્તા રહેશે.

7. **પ્રિપેમેન્ટ**

a) લાગુ પડતા પ્રિપેમેન્ટ ચાર્જિસને (કોઇ હોય તો) આધિન રહીને, ઋણલેનાર પાસે મુદ્દલ, વ્યાજ તથા અન્ય પડતરો અને આવા પ્રિ-ક્લોઝરના સમયે બાકી રહેલા ચાર્જિસને જમા કરાવીને સુવિધાને પ્રિ-ક્લોઝ કરાવવાનો અધિકાર રહેશે. બાકીના સમયગાળા માટે કોઇ વ્યાજ લાગુ નહીં પડે અને ચૂકવવાનું રહેશે નહીં.

8. **ઋણલેનારે આપવાની બાંહેધરીઓ:**

ઋણલેનારા અને ગેરન્ટર્સ આ સાથે બાંહેધરી આપે છે કે:

a) આ સુવિધાની રકમનો તેઓ માત્ર કોમર્શિયલ શિડ્યુલમાં ઉલ્લેખ કરાયેલા ઉદ્દેશ માટે જ ઉપયોગ કરશે. અન્ય કોઇ પણ પ્રકારના હેતુ માટે આ સુવિધાનો ઉપયોગ નહીં કરાય.

b) કોઇ પણ સંજોગોમાં આ સુવિધાનો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આના માટે ઉપયોગ નહીં કરાય: (i) શેર અથવા અન્ય જામીનગીરીના ભરણા માટે અથવા ખરીદી કરવા (ii) રિયલ એસ્ટેટના વ્યાપાર, મૂડીબજારમાં રોકાણ અથવા જમીન ખરીદવા; (iii) કોઇ પણ સટ્ટાકીય વ્યવહારો અથવા પ્રવૃત્તિઓ કરવા; અથવા (iv) RBIની શાખ સુવિધાની માર્ગદર્શિકાઓ માટે યોગ્ય ન ગણાય તેવી પ્રવૃત્તિઓ આચરવા; અને/ અથવા (v) લાગુ પડતા કોઇ પણ કાયદાનું ઉલ્લંઘન કરનારા ઉદ્દેશ માટે.

c) આ કરારના અસ્તિત્વ દરમિયાન તેઓ એક જ ગામ, વિસ્તાર અથવા મહોલ્લામાં નિવાસ કરશે.

d) તેઓ ગ્રુપના બંધારણમાં કોઇ ફેરફાર નહીં કરે અને તમામ સમયે ગ્રુપમાં એખલાસ જાળવી રાખશે.

e) તેઓ સમજે છે કે બેંક ગ્રુપની રોજિંદી કામગીરીનું નિરીક્ષણ કરી શકે છે.

f) બેંક દ્વારા ઋણલેનારામાં જાગૃતિ ફેલાવવા કોઇ પણ તાલિમ હાથ ધરાય, તો ઋણલેનારા અને ગેરન્ટર્સ ઇચ્છાપૂર્વક અને સક્રિયતા સાથે તેમાં સહભાગી બનશે.

g) તેઓ બાળમજૂરી (પ્રતિબંધ તથા નિયમન) ધારા 1986, લઘુતમ વેતન ધારા, 1948 અને પર્યાવરણ રક્ષણ ધારા, 1986 તથા અન્ય તમામ લાગુ પડતા કાયદાઓ તેમજ તેમાં તે પછી કરાયેલા તમામ સુધારા-વધારાની જોગવાઈઓનું અનુસરણ કરશે.

h) કોઇ પણ ઋણલેનારને બેંકના કોઇ પણ અધિકારીના નજીકના સગાં તરીકે નિર્ધારિત કરાયેલા નથી

તેમણે આ કરાર, સુવિધા દસ્તાવેજો તથા સુવિધા અને અન્ય સેવાઓને લગતા તમામ અન્ય નિયમો અને શરતોને www.janabank.com ("વેબસાઇટ") પર વાંચી, સમજી અને સ્વીકારી લીધા છે. બેંક દ્વારા વેબસાઇટ પર આ નિયમો અને શરતોમાં કોઇ પણ સુધારા-વધારાને દર્શાવી શકે છે. ઋણલેનારા અને ગેરન્ટર્સ આ સાથે સંમત થાય છે કે વેબસાઇટ પર મુલાકાત લઇને આવા કોઇ પણ ફેરફાર અથવા બદલાવથી પોતાની જાતને અપડેટ રાખવાનું સુનિશ્ચિત કરવાની જવાબદારી ઋણલેનારા અને ગેરન્ટર્સની જ છે.

9. **પ્રોસેસિંગ ફી અને GST:**

a) ઋણલેનાર મંજૂરીપત્ર તેમજ અહીં ઉલ્લેખિત કોમર્શિયલ શિડ્યુલમાં નિર્ધારિત કરાયેલા દરે લાગુ થવા પાત્ર વન-ટાઇમ, નોન-રિફંડેબલ પ્રોસેસિંગ ફીની ચૂકવણી કરવા સંમત થાય છે. આવી પ્રોસેસિંગ ફીને વિતરણ દરમિયાન બાદ કરી દેવાશે અને તે પછીની શેષ રકમ ઋણલેનારાને પૂરી પાડવામાં આવશે.

b) (જ્યાં પણ GST લાગુ થવા પાત્ર રહેશે) GSTને લાગુ પડતા દરો મુજબ અલગથી ચાર્જ કરાશે, જે લાગુ પડતા ચાર્જિસ તથા ફી મુજબ રહેશે

10. **ડિફોલ્ટની ઘટના:**

આ કરાર હેઠળ ડિફોલ્ટની નીચેની ઘટનાઓ ગણવામાં આવશે ("ડિફોલ્ટની ઘટના"):

a) ઋણલેનાર દ્વારા બેંક પ્રત્યેની કોઇ પણ બાકી રકમ (અથવા તેનો હિસ્સો) અથવા અન્ય કોઇ પણ લાગુ પડતી અને ચૂકવવાપાત્ર રકમની પરત ચૂકવણીમાં ઋણલેનારા અને ગેરન્ટર્સ આ કરારમાં નિર્ધારિત કરાયા મુજબ નિષ્ફળ જશે.

b) આ કરાર અને સુવિધા દસ્તાવેજ હેઠળ (દસ્તાવેજોની બિન-પ્રસ્તુતિ અને તેના અમલીકરણ સહિત) કોઇ પણ રજૂઆત, વોરન્ટી, ખાતરી, બાંહેધરીને પરિપૂર્ણ ન કરવી અથવા ફરજના ભંગ /ઉલ્લંઘન, અથવા ઋણલેનાર અને ગેરન્ટર દ્વારા બેંકને અપાયેલી કોઇ પણ માહિતીમાં ફેરફાર થાય, તેને બેંક દ્વારા ભૌતિક ગણી લેવાશે.

c) ઋણલેનાર અથવા ગેરન્ટરમાંથી કોઇના પણ દ્વારા કોઇ પણ દેવા અથવા વૈધાનિક કરવેરા અથવા તેને લગતા દેવાના સંબંધમાં ડિફોલ્ટ કરાશે, અથવા તો તેના લેણદારોને હિતોને જોખમાવાશે, અથવા અન્ય દેવાની ચૂકવણીમાં અસક્ષમતા દાખવાશે.

d) આ કરાર અને સુવિધા દસ્તાવેજ હેઠળની ફરજોનું પાલન બેંક અથવા ગેરન્ટર અથવા ઋણલેનારામાંથી કોઇના પણ ભાગે રદબાતલ અથવા ગેરકાયદે ઠરે.

e) એવી કોઇ પણ ઘટના બને કે જે સમય જતાં ડિફોલ્ટની ઘટના બને તેવી શક્યતા હોય.

**11. ડિફોલ્ટના પરિણામો:**

કોઇ પણ ડિફોલ્ટની ઘટના બનવા પર, બેંક પોતાની સંપૂર્ણ મુનસફીને આધિન રહીને આ કરાર હેઠળના પોતાના અધિકારો અને દાવાઓ પ્રત્યે પૂર્વગ્રહ ન થાય તે રીતે નીચેનામાંથી કોઇ પણ અથવા બધા અધિકારોનો ભોગવટો કરી શકે છે:

a) સુવિધા દસ્તાવેજ અને આ કરારને રદબાતલ ઠેરવે

b) સુવિધાને તાત્કાલિક બાકી અને ચૂકવવાપાત્ર ઘોષિત કરે

c) ડિફોલ્ટની ઘટના બને તે તારીખથી લઇને ડિફોલ્ટની ઘટના પરિપૂર્ણ થવાની તારીખ સુધી બાકી રકમ પર શિક્ષાત્મક ચાર્જિસ વસૂલવા.

d) લાગુ પડતા કાયદા હેઠળ બેંક પાસે ઉપલબ્ધ અન્ય કોઇ અધિકાર અથવા ઉપાયનો અમલ કરે.

**12. વીમો:**

a) ઋણલેનાર સમજે છે કે તેઓ પોતાના અથવા પોતાના જીવનસાથી અથવા નિર્ધારિત લોહીના સંબંધીઓ (એકલ/ વિધવા/ ત્યક્તા ઋણલેનારના સંજોગોમાં) અથવા બંને માટે લોનની મુદતના સમયગાળા સુધી લોનની મંજૂર કરાયેલી રકમ જેટલો વીમો મેળવવાનું પસંદ કરી શકે છે.

b) આવો વીમો લેવાય, તો તેના પ્રિમિયમની રકમને વિતરણના સમયે મંજૂર કરાયેલી રકમમાંથી બાદ કરી દેવાશે અને બાકીની રકમનું બેંક સમક્ષ રહેલા ઋણલેનારના ખાતામાં ઋણલેનારને વિતરણ કરાશે.

c) ઋણલેનાર અને ગેરન્ટર સમજે છે કે વીમો એ ત્રાહિત-પક્ષની પ્રોડક્ટ છે અને બેંક દ્વારા તેમણે પસંદ કરેલી વીમા પોલિસી સંબંધે કોઇ રજૂઆત કે વોરન્ટી અપાતી નથી. ઋણલેનાર અને ગેરન્ટર એ પણ સમજે છે કે તેમણે સ્વૈચ્છીક રીતે પસંદ કરેલા વીમાના સંબંધમાં દાવો વીમા કંપનીની સંપૂર્ણ મુનસફી મુજબ કરાશે અને બેંક અથવા તેના અધિકારીઓ તેના માટે કોઇ પણ રીતે જવાબદાર નહીં રહે.

**13. ક્ષતિપૂર્તિ:**

a) ઋણલેનારા અને ગેરન્ટર દ્વારા આ કરાર અને/ અથવા સુવિધા દસ્તાવેજની કોઇ પણ શરતનો ભંગ કરાય અથવા તો સુવિધાના સંબંધમાં અન્યત્ર કોઇ રીતે કોઇ કૃત્ય કરાય કે ન કરાય અને તેના પરિણામે નુકસાની માટે ત્રાહિત-પક્ષાના દાવા સહિત થનારા કોઇ પણ પ્રકારના દાવા અને/ અથવા માગ, જવાબદારીઓ, પ્રત્યક્ષ કે પરોક્ષ દાવા, ખર્ચ, અને કોઇ પણ તથા તમામ પડતરો સામે બેંક અને તેના ડાયરેક્ટર્સ, અધિકારીઓ એને એજન્ટ્સને આબાદ ઉગારી લેવાના રહેશે અને તમામ ક્ષતિપૂર્તિ કરી આપવાની રહેશે.

**14. ડિસ્ક્લોઝર અને ક્રોસ સેલ:**

a) બેંક અને ગેરન્ટર્સ (i) RBI; (ii) ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓ /બ્યૂરો અને ઇન્ફોર્મેશન યુટિલિટી; (iii) કોઇ પણ સરકારી/ નિયમનકારી /વૈધાનિક સત્તાવાળાઓ (iv) અન્ય નાણાકીય સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમો; (v) બેંકના સહયોગી તથા ગ્રુપ કંપનીઓ; અને (vi) સર્વિસ પ્રોવાઇડર્સ, સંભવિત એસાઇનીઓ, અને જરૂરી ત્રાહિત પક્ષકારોને અહીં ફાળવાયેલી સુવિધાની સેવા પૂરી પાડવાના હેતુસર આ સુવિધાની માહિતી પૂરી પાડવાની બેંકને અધિકૃતતા આપે છે.

b) ઋણલેનાર અને ગેરન્ટર્સ એ બાબતે પણ સંમત થાય છે કે, બેંક, RBI અને/ અથવા કોઇ પણ ક્રેડિટ બ્યૂરો, માહિતી એકમો, કોઇ પણ સરકારી/ નિયમનકારી/ વૈધાનિક સત્તાવાળાઓ પણ કાયદાના અમલને આધિન રહીને ઋણલેનારના ડિફોલ્ટની વિગતોને જાહેર પ્રકાશિત કરી શકે છે.

c) ઋણલેનાર અને ગેરન્ટર આ સાથે ઇન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી કોડ, 2016 ( 'કોડ')ની કલમ 3(13)માં 'નાણાકીય માહિતી' તરીકે વ્યાખ્યાઇત કરાયેલી આ સુવિધા હેઠળની વિગતોને આ કોડ હેઠળ ઘડાયેલા સંલગ્ન નિયમનો સાથે વંચાણે લેતા, તેમાં સમયાંતરે કરાયેલા સુધારા-વધારાના અનુસરણમાં રહીને, કોડની કમ 3(21)માં વ્યાખ્યા કરાયા મુજબની કોઇ પણ 'ઇન્ફોર્મેશન યુટિલિટી' ( 'IU' )ને જાહેર કરવાની ચોક્કસ સંમતિ આપે છે, જે કોડ હેઠળ ઘડાયેલા સંલગ્ન નિયમનો, તથા RBI દ્વારા સમયાંતરે બેંકોને જારી કરાયેલા નિર્દેશોના અનુસરણમાં રહેશે અને આ સાથે તેઓ, સંલગ્ન 'IU' દ્વારા વિનંતી કરાય ત્યારે બેંક દ્વારા રજૂ કરાયેલી 'નાણાકીય માહિતી'ની સુયોગ્ય ખરાઇ કરાવવા પણ ચોક્કસ સંમતિ આપે છે.

d) ઋણલેનારા અને ગેરન્ટર્સ બેંક દ્વારા ઓળખાયેલા સર્વિસ પ્રોવાઇડર્સ તથા ત્રાહિત-પક્ષકારોને લાગુ પડતા કાયદા અનુસાર બેંકની સેવાઓ અને પ્રોડક્ટ્સને ક્રોસ-સેલ કરવા તેમનો સંપર્ક કરવાની અધિકૃતતા આપે છે.

e) લાગુ પડે તે હદ સુધી, ઋણલેનાર બેંકને પોતાના વતી ઉદયમ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ માટે અરજી કરવા અધિકૃતતા આપે છે. આ સંજોગોમાં, ઋણલેનાર વધુમાં આવું ઉદયમ રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ બેંકમાં જમા કરાવવા પણ સંમત થાય છે.

**15. પ્રતિનિધિ નિમવાનો અધિકાર**

a) બેંકે, આ સુવિધા દસ્તાવેજ હેઠળ પોતાની જાતે અથવા પોતાની ઓફિસના કર્મચારીઓ દ્વારા આવી કામગીરી અદા કરવાના પોતાના અધિકારો સાથે પૂર્વગ્રહ ન થાય તે રીતે, એક અથવા વધુ વ્યક્તિ(ઓ)ની ("સર્વિસ પ્રોવાઇડર્સ") બેંક પસંદ કરે તે રીતે નિમણૂંક કરવાનો અથવા તો આવા સર્વિસ પ્રોવાઇડરને પોતાની કોઇ પણ અથવા સઘળી કામગીરીઓ, અધિકારો અને સત્તાઓ આ શકે છે જેમાં ઋણલેનારા પાસેથી તમામ બાકી રકમની બેંક વતી વસૂલાત કરવા વસૂલાત એજન્સીને અધિકાર અને સત્તા આપવાના તેમજ તેની સાથે પ્રાસંગિક એવી તમામ કાયદેસરની કાર્યવાહી, કામગીરી, બાબતો તેમજ ચીજો હાથ ધરવાની સત્તાનો પણ સમાવેશ થાય છે.

b) એ પણ સ્પષ્ટતા કરવામાં આવે છે કે, સર્વિસ પ્રોવાઇડર્સની અયોગ્ય વર્તણૂંક માટે બેંકને જ જવાબદાર ઠેરવવામાં આવશે અને ઋણલેનારાની તકરારોનું સમયસર સમાધાન લાવવાના તેણે પ્રયાસો કરવાના રહેશે.

c) ઋણલેનાર બેંકના કોલ સેન્ટરનો 1800 2080 (24*7), 1800 4200 (સવારે 7થી રાત્રે 10) પર કોલ કરીને અથવા customercare@janabank.com પર ઇમેઇલ કરીને સંપર્ક કરી શકે છે. ઋણલેનારા કોલ સેન્ટર દ્વારા પ્રસ્તુત કરાયેલા જવાબથી સંતુષ્ઠ ન થાય તો તેઓ બેંકના નોડલ ઓફિસરનો પણ સંપર્ક કરી શકે છે.

**16. એસાઈન્મેન્ટ:**

a) ઋણલેનારા અને ગેરન્ટર્સ સ્વીકારે છે કે બેંક પાસે આ કરાર હેઠળ ઋણલેનારાને કોઈ પણ નોટિસ આપ્યા વિના કોઈ પણ અન્ય વ્યક્તિ/ વ્યક્તિઓ, કલેક્શન એજન્સી/ એજન્સીઓ અથવા સંસ્થા/ સંસ્થાઓને આ સુવિધાને વેચવા, એસાઈન અથવા જામીનખત કરવાનો અધિકાર રહેલો છે અને ઋણલેનાર તથા ગેરન્ટર આ કરારના નિયમો અને શરતો મુજબ આવી અન્ય વ્યક્તિ/ વ્યક્તિઓ અથવા સંસ્થા/ સંસ્થાઓને બેંકના નિર્દેશ અનુસાર સુવિધાના બાકી એકાઉન્ટની પરત ચૂકવણી કરવા સંમત થાય છે.

b) ઋણલેનાર અથવા ગેરન્ટર આ કરાર હેઠળના પોતાના તમામ અથવા કોઈ પણ અધિકારો, લાભો અથવા ફરજોની કોઈને તબદિલી કે એસાઈન કરશે નહીં.

**17. સમાધાન:**

a) ઋણલેનાર અથવા ગેરન્ટરના સિંગલ અથવા જોઈન્ટ એવા કોઈ પણ એકાઉન્ટમાં રહેલી જમા રકમ અથવા અન્ય કોઈ પણ પ્રકારની ડિપોઝીટ, અને એવી કોઈ પણ રકમ, જામીનગીરી, બોન્ડ તથા અન્ય અસ્ક્યામતો, દસ્તાવેજો અને બેંકના નિયંત્રણમાં રહેલી/ ધારણ કરાયેલી મિલ્કતો સામે આ કરાર હેઠળ ઉદભવનારી તમામ બાકી રકમની મર્યાદા સુધી અન્ય કોઈ પણ વર્તમાન કે ભાવિ લિયન અથવા બોજા સાથે નિસબત ન રહે તેમ લિયન અને સમાધાનનો સર્વોપરી અધિકાર રહેશે. ઋણલેનાર અથવા ગેરન્ટરને આગોતરી નોટિસ પ્યા વિના આવા સમાધાન અથવા લિયનને અમલી બનાવવાનો બેંક પાસે અધિકાર રહેલો છે. અહીં રહેલા બેંકના અધિકારને ઋણલેનારા અથવા ગેરન્ટર્સની ઈન્સોલ્વન્સી અથવા બેંકરપ્સીથી કોઈ અસર નહીં થાય.

**18. સંચાલકીય કાયદો અને ન્યાયક્ષેત્ર:**

(a) આ કરારનું સંચાલન ભારતના કાયદા હેઠળ થશે.

(b) આ સુવિધા અથવા તો સુવિધા દસ્તાવેજના અર્થઘટન, માન્યતા, અમલીકરણ અથવા અસર અથવા આ કરાર હેઠળ પક્ષકારોના અધિકારો અને જવાબદારીઓ અથવા સુવિધા દસ્તાવેજના કથિત ભંગ અથવા સુવિધા દસ્તાવેજને લગતી બાબતમાં કોઈ પણ કામગીરી કરવી અથવા તેની બાકાતગીના સંબંધમાં ઋણલેનારા અને ગેરન્ટરના બેંક સાથેના તમામ વિવાદનું સમાધાન આર્બિટ્રેશન એન્ડ કન્સિલિયેશન એક્ટ, 1996ના અનુસરણમાં બેંગલુરૂમાં યોજાનારા આર્બિટ્રેશન દ્વારા અથવા તો તેમાં કરાયેલા કોઈ પણ સુધારા હેઠળ કરવામાં આવશે અને તે વિવાદ બેંકે નીમેલા એકમાત્ર આર્બિટ્રેટરને સંદર્ભિત કરાશે. આ આર્બિટ્રેટરનો ચુકાદો અંતિમ અને તમામ સંલગ્ન પક્ષકારોને માન્ય રહેશે. આર્બિટ્રેશનની પ્રક્રિયા અંગ્રેજી ભાષામાં થશે. આર્બિટ્રેશનનો ખર્ચ ઋણલેનારે ભોગવવાનો રહેશે.

(c) અહીં ઉલ્લેખિત કોઈ પણ બાબત સાથે નિસબત ન રહે તેમ, બેંક પાસે કોઈ પણ સમયે આ સુવિધાના સંબંધમાં કોઈ પણ કોર્ટ, ટ્રિબ્યૂનલ અથવા અન્ય યોગ્ય મંચ, બેંકને યોગ્ય લાગે તે રીતે સક્ષમ ન્યાયક્ષેત્રમાં કાનૂની કાર્યવાહી કે પગલાં ભરવાનો અધિકાર રહેશે અને ઋણલેનાર તથા ગેરન્ટર આ સાથે આવા ન્યાયક્ષેત્રને સંમતિ આપે છે.

**19. ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષર:**

a) ઉધારકારક અને ગેરેન્ટર આ પ્રકારના કરારમાં સંમત છે કે આ કરાર ઇલેક્ટ્રોનિક દસ્તખત દ્વારા ઇલેક્ટ્રોનિક રીતે અમલમાં લાવવામાં આવી શકે છે, જે તમામ હેતુઓ માટે મૂળ દસ્તખત માન્ય ગણાશે અને તેની અસર અને શક્તિ આંકી દસ્તખતની જેમ થશે.

b) ઇલેક્ટ્રોનિક દસ્તખતનો ઉપયોગ પક્ષોના આ કરાર અથવા અન્ય સંબંધિત દસ્તાવેજો સાથે કાયદેસર રીતે બાંધાયેલા હોવાની ઇચ્છાનું નિરીક્ષણ કરવા માટેનો નિહાળ બનાવશે, ભારતીય કાયદા મુજબ માન્યતા, અમલમાં મૂકવા અને માન્યતા માટે.

c) ઉધારકારક અને ગેરેન્ટર પુષ્ટિ કરે છે કે ઇલેક્ટ્રોનિક દસ્તખતનો ઉપયોગ જેવો તે લોકોને સુરક્ષિત અને માન્ય ઇલેક્ટ્રોનિક દસ્તખત માન્યતા માટે માહિતી પ્રૌદ્યોગિકી કાયદા, 2000ની કલમ 3A હેઠળ પુરા કરે છે.

d) બેંક આ કરારની ભૌતિક નકલો એમાંથી તૈયાર કરી શકે છે અથવા તેની પસંદગી પ્રમાણે આ કરારને અન્ય કોઈ પણ રૂપમાં પ્રસ્તુત કરી શકે છે અને તે ઉધારકારક અને ગેરેન્ટર પર સંપૂર્ણપણે બાંધકૂણું રહેવું પડશે.

e) ઉધારકારક અને ગેરેન્ટર બેંક દ્વારા તૈયાર કરેલા એવી નકલ પર કોઈ વિરોધ નહીં કરે, જે કોઈ પણ અદાલત, ન્યાયાલય અથવા અન્ય સ્થાન પર પુરાવા તરીકે રજૂ કરવામાં આવશે, જેથી ઉધારકારક, ગેરેન્ટર અને બેંક વચ્ચેની સ્વીકૃતિ/કાર્યને તથા શરતોને પુરાવા તરીકે દાખલ કરી શકાય.

**પરિશિષ્ટ ।**

**ઋણલેનાર અને સુવિધાની વિગતો**

| ઋણલેનારનું નામ | સરનામું | વિતરણ કરાયેલી રકમ | વ્યાજદર | ઉદ્દેશ | વીમો પસંદ કરાયો છે (હા/ના) | વીમા પ્રિમિયમ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

**<u>પરિશિષ્ટ I A</u>**

**<u>ગેરન્ટર્સની વિગતો</u>**

| **ઋણલેનારનું નામ** | **ગેરન્ટર્સના નામ** | **ઋણલેનાર સાથે સંબંધ** | **સરનામું** | **ઉદ્દેશ** | **વીમો પસંદ કરાયો (હા/ના)** | **વીમા પ્રિમિયમ** |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

**<u>પરિશિષ્ટ I B</u>**

**<u>ગેરન્ટર્સની વિગતો</u>**

| **ઋણલેનારનું નામ** | **ગેરન્ટર્સનું નામ** |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |
| | |

| | | |
|---|---|---|
| ઋણલેનાર 1 અને ગેરન્ટર 1ના હસ્તાક્ષર /અંગૂઠાનું નિશાન (પરિશિષ્ટ I A મુજબ) | ઋણલેનાર 2 અને ગેરન્ટર 2ના હસ્તાક્ષર /અંગૂઠાનું નિશાન (પરિશિષ્ટ I A મુજબ) | ઋણલેનાર 3 અને ગેરન્ટર 3ના હસ્તાક્ષર /અંગૂઠાનું નિશાન (પરિશિષ્ટ I A મુજબ) |